# મહિન્દ્રા સમિટ એગ્રિસાયન્સે 'પ્રક્રિતી બાય મહિન્દ્રા' બ્રાન્ડ નેમ હેઠળ જમીનની ફળદ્રુપતા વધારવા નવી પ્રોડક્ટ લૉંચ કરી

મહિન્દ્રા એગ્રિ સોલ્યુશન્સ લિમિટેડ (એમએએસએલ) અને જાપાનનાં સુમિતોમો કોર્પોરેશન ગ્રૂપ વચ્ચેનાં સંયુક્ત સાહસ મહિન્દ્રા સમિટ એગ્રિસાયન્સ લિમિટેડએ આજે "પ્રક્રિતી બાય મહિન્દ્રા" બ્રાન્ડ નેમ હેઠળ સસ્ટેઈનેબલ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર માટે નવી પ્રોડક્ટ રેન્જ લૉંચ કરી હતી.

કંપની કમર્શિયલી વાયેબલ, બાયોલોજિકલ અને ઓર્ગેનિક પ્રોડક્ટ્સ ઓફર કરશે, જે સસ્ટેઈનેબલ ખેતીવાડીને પ્રોત્સાહન આપશે. શરૂઆતમાં પ્રક્રિતી પ્લાન્ટ ન્યૂટ્રિયન્ટ, ઈન્સેક્ટ અને ડિસીઝ મેનેજમેન્ટ કેટેગરીઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત માઈક્રોબાયલ પ્રોડક્ટ્સ ઓફર કરશે. આ પ્રોડક્ટ્સ જીવજંતુમુક્ત ફળફળાદિ અને અનાજ સુનિશ્ચિત કરશે, જેનાં પરિણામે ભારતમાંથી કૃષિ નિકાસને પ્રોત્સાહન મળશે.

નવી પ્રોડક્ટ રેન્જ વિશે મહિન્દ્રા એગ્રિ સોલ્યુશન્સ લિમિટેડનાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ અશોક શર્માએ કહ્યું હતું કે, "અમને પ્રક્રિતી બાય મહિન્દ્રા લૉંચ કરવાની ખુશી છે, જે સસ્ટેઈનેબલ એગ્રિકલ્ચર પ્રોડક્ટ્સ માટે અમારી નવી રેન્જ છે. આ પ્રોડક્ટ્સ અમારી જમીનની ઘટતી ફળદ્રુપતા સુધારવા અતિ અસરકારક બનશે અને ઉત્પાદન વધારશે, જેથી આપણાં દેશમાં વધતી વસતિની સતત વધતી માગને પૂર્ણ કરવામાં મદદ મળશે."

શ્રી શર્માએ ઉમેર્યુ હતું કે, "મહિન્દ્રા સમિટ એગ્રિસાયન્સમાં અમે આંતરરાષ્ટ્રીય સ્તરનાં પાક અને જમીનની સારસંભાળનાં વિકલ્પો પ્રદાન કરવાની અમારી ખાતરીને પૂર્ણ કરવા ઈચ્છીએ છીએ, જે પાકનાં નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો કરશે. આ અમારાં વિઝન ફાર્મિંગ ૩.૦ની દિશામાં એક કદમ આગળ વધારશે, જે નવા યુગની ખેતીવાડી છે. આ પદ્ધતિ સંપૂર્ણ એગ્રી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપશે. આગળ જતાં અમે ભારતીય ખેડૂતોને સતત સક્ષમ બનાવીશું તથા તેમની આવક વધારે એવી ટેકનોલોજી અને ઉત્પાદનોની દ્રષ્ટિએ ઈનોવેટિવ સોલ્યુશન્સની સુવિધાને વેગ આપશે."